Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# : કાર્યવાહી :

બોર્ડ ઓફ મેનેજમેન્ટની તાકીદની સભા, ગુરૂવાર, તા.૨૫–૦૭–૨૦૨૪ના રોજ બપોરેઃ ૧૨–૩૯ કલાકે ઓફલાઈન/ઓનલાઈન રૂમ નંબર – ૧૦૧૩૩ સભાખંડ, વહીવટી ભવન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| **ક્રમ** | **સભ્યોના નામ** | **હાજરી** |
|---|---|---|
| ૧. | ડૉ. કિશોરસિંહ નટવરસિંહ ચાવડા (માનનીય ઈ.ચા.કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડૉ. રમેશદાન ચંડીદાન ગઢવી (સભ્ય સચિવ) | હાજર |
| ૩. | ડૉ. મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૪. | ડૉ. અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૫. | VACANT | — |
| ૬. | VACANT | — |
| ૭. | VACANT | — |
| ૮. | ડૉ. મનીષા મનીષ પાનવાલા | હાજર |
| ૯. | ડૉ. જયદીપકુમાર નસવાનભાઈ ચૌધરી | હાજર |
| ૧૦. | VACANT | — |
| ૧૧. | VACANT | — |
| ૧૨. | શ્રી અમીત ગજ્જર | ઓનલાઈન હાજર |
| ૧૩. | શ્રી લક્ષ્મણભાઈ આહિર | હાજર |
| ૧૪. | સુશ્રી અરૂંધતી જે. દેસાઈ | ગેરહાજર |
| ૧૫. | VACANT | — |
| ૧૬. | VACANT | — |
| ૧૭. | VACANT | — |
| ૧૮. | ડૉ. અનુપમ શુકલા | ગેરહાજર |

૧. યુનિવર્સિટી ખાતે કાર્યરત ૧૧ માસ કરાર આધારિત કર્મચારીઓની તા.: ૨૭/૦૬/૨૦૨૪ ના રોજની અરજી અવલોકનમાં લેવા વિનંતી.

તેમની અરજીમાં જણાવ્યાનુસાર, સદર કર્મચારીઓનો ૦૩ માસનો કરાર પૂર્ણ થાય બાદ તેઓનો કરાર વધુ ૦૨ માસ માટે કરવામાં આવેલ હોય, તેઓનો કરાર ફરી ૧૧ માસ માટે કરવા માટે વિનંતી કરેલ છે. જે અરજી આ સાથે સામેલ છે.

ઉપરોક્ત બાબત અવલોકનમાં લઈ અરજી અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે કાર્યરત ૧૧ માસ કરાર આધારિત કર્મચારીઓએ તેમની તા.: ૨૭/૦૬/૨૦૨૪ના રોજની અરજી અન્વયે સદર કર્મચારીઓનો ૩ માસનો કરાર પૂર્ણ થાય બાદ તેઓનો કરાર વધુ ૨ માસ માટે કરવામાં આવેલ હોય, તેઓનો કરાર ફરી ૧૧ માસ માટે કરવા કરેલ વિનંતી સંદર્ભે બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૨/૧૪–૩–૨૦૨૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૯.૧૩ અન્વયે ૧૧ માસ કરાર આધારિત કર્મચારીઓ બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૨/૧૪–૩–૨૦૨૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૯.૧૩ અન્વયે હાજર થયેલ કરાર આધારિત કર્મચારીઓને તેમની હાજર થયાની તારીખથી કુલ ૧૧ માસની નિમણુંક ગણી તદ્અનુસાર કરાર કરવો.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, કરાર આધારિત કર્મચારીઓના સંદર્ભે સમીક્ષા સમિતિની નિમણુંક કરવી. જેમાં સ્ટાફની સહકર્મચારી અને જાહેર જનતા સાથેની વર્તણુંક, હાજરીની નિયમિતતા, કર્મચારીની કામગીરી, જાણકારી અને કૌશલ્ય બાબતે તથા સબંધિત વિભાગ/ સેલના વડાશ્રીનો જે તે સબંધિત કરાર આધારિત કર્મચારી માટે સ્પષ્ટ અભિપ્રાય નિયત ફોર્મેટમાં મેળવવો અને આ સમીક્ષા સમિતિના સભ્યોના નામો નકકી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

**અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબતો.**

૨. યુનિવર્સિટીનું નાણાકીય અંદાજપત્ર તૈયાર કરવા સંદર્ભે નિમાયેલ સમિતિની ગુરુવાર, તા.18/7/2024 ના રોજ બપોરે 2-30 કલાકે મળેલ સભા સમક્ષ Directorate General of Goods & Services Tax Intelligence, Surat Zonal Unit, Vesu, Surat ના જોઇન્ટ ડાયરેક્ટર રૂપક કુમાર તરફથી તા.27/6/2024 ના રોજ યુનિવર્સિટીના GST NO. : 24AAETS1168B1ZU સંદર્ભે મળેલ SCN રજૂ થયેલ. સદર બાબતે સમિતિએ રજૂ કરેલ અહેવાલમાં જી. એસ. ટી. વિભાગ તરફથી મળેલ SCN સંદર્ભે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં યુનિવર્સિટી તરફથી રીટ દાખલ કરવા ભલામણ કરવામાં આવેલ હોય, એડવોકેટ શ્રી ઉચિત શેઠને સદર કામગીરી સોંપવા માનનીય ઈ.ચા.કુલપતિશ્રીએ લીધેલ પગલાંની નોંધ લેવા બાબત.

(બિડાણ : સમિતિનો અહેવાલ)

(હિસાબી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનું નાણાકીય અંદાજપત્ર તૈયાર કરવા સંદર્ભે નિમાયેલ સમિતિની ગુરુવાર, તા.18/7/2024 ના રોજ બપોરે 2-30 કલાકે મળેલ સભા સમક્ષ Directorate General of Goods & Services Tax Intelligence, Surat Zonal Unit, Vesu, Surat ના જોઇન્ટ ડાયરેક્ટર રૂપક કુમાર તરફથી તા.27/6/2024 ના રોજ યુનિવર્સિટીના GST NO. : 24AAETS1168B1ZU સંદર્ભે મળેલ SCN રજૂ થયેલ. સદર બાબતે સમિતિએ રજૂ કરેલ અહેવાલમાં જી. એસ. ટી. વિભાગ તરફથી મળેલ SCN સંદર્ભે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં યુનિવર્સિટી તરફથી રીટ દાખલ કરવા ભલામણ કરવામાં આવેલ હોય, એડવોકેટ શ્રી ઉચિત શેઠને સદર કામગીરી સોંપવા માનનીય ઈ.ચા.કુલપતિશ્રીએ લીધેલ પગલાંની નોંધ લેવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી ઉચિત શેઠને વધુમાં વધુ પાંચ લાખ રૂપિયા સુધીની મર્યાદામાં ફી ચુકવવાની મંજૂરી આપવામાં આવે છે.

૩. યુનિવર્સિટીનાં લોકપ્રશાસન વિભાગમાંથી એસોસીએટ પ્રોફેસર તરીકે નિવૃત્ત થયેલ ડો.નિલેષ જોશીનાં આ સાથે સામેલ પત્ર ક્રમાંક NBJ/0010/2024, તા. ૦૬/૭/૨૦૨૪ નો ઈ-મેઈલ પત્ર/પત્ર અંતર્ગત નીચે મુજબની બાબતો પર વિચારણા કરવા બાબત.

(૧) તેઓ તા.૦૫/૦૭/૨૦૨૪ નાં રોજ કુલસચિવશ્રી, મદદનીશ કુલસચિવશ્રી તથા સમિતિના સભ્યશ્રી ડૉ.જયદીપ ચૌધરી સાથેની અનૌપચારિક સભામાં ઉપસ્થિત રહેલ હતા. જેમાં તેઓના જણાવ્યાનુસાર તેઓએ નિવૃત્તિ અંગેના લાભો જેવા કે પેન્શન, ગ્રેચ્યુઈટી અને CAS અંતર્ગતનાં મળવાપાત્ર લાભો મેળવવા અંગે તેઓ દ્વારા હાઈકોર્ટમાં સિવિલ એપ્લિકેશન નં.૫૫૯૬ ઓફ ૨૦૨૪ દાખલ કરવામાં આવેલ છે.જે લાભો તેઓને આપવા વિનંતિ કરેલ છે તેમજ સંચાલક મંડળની તા.૨૦/૦૬/૨૦૨૪ ની સભાના ઠરાવ ક્રમાંક (૬.૧૪) માં ઉલ્લેખિત "ડો.નિલેષ જોશીની લાંબાગાળાની સેવા અને માનવતા" જે અવલોકન યોગ્ય જણાતું ન હોય, સદર અવલોકન દૂર કરવા જણાવેલ છે.

(૨) તેઓ દ્વારા તેઓની વિરુદ્ધની તમામ બાબતો, આક્ષેપો અને આ બાબતે તેઓ સામે કરાયેલી તમામ કાર્યવાહી પાછી ખેંચી લેવા વિનંતિ કરેલ છે.

વધુમાં, સરકારશ્રીનાં નિયમોનુસાર શૈક્ષણિક કર્મચારીઓ વય મર્યાદાને કારણે ૬૨ વર્ષે નિવૃત્ત થાય છે જે અનુસાર ડો.નિલેષ જોશી જન્મ તારીખ મુજબ તા.૨૦/૦૮/૨૦૨૩ નાં રોજ નિવૃત્ત થઇ ગયેલ હતા અને તેઓ સરકારશ્રીની સત્ર વ્યવસ્થા મુજબ તા.૩૧/૧૦/૨૦૨૩ નાં રોજ નિવૃત્ત થનાર હતા. પરંતુ ડો.નિલેષ જોશીની ફરજ પરની અનિયમિતતા સંદર્ભમાં તપાસ કરવા અંગે સિન્ડિકેટ તા.૨૯/૦૯/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક (૬૧) અન્વયે નિયુકત સમિતિની તા.૨૯/૦૯/૨૦૨૩ ના રોજ મળેલ સભાની કાર્યવાહી અન્વયે સિન્ડિકેટ સભા તા.૦૩/૧૦/૨૦૨૩ નાં ઠરાવ ક્રમાંક ૧૩૬ થી ડો.નિલેષ જોશીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવા ઠરાવેલ છે. જે મુજબ તેઓને તા. ૦૪/૧૦/૨૦૨૩ નાં રોજ ફરજમોકૂફ કરવામાં આવેલ હતા અને તેઓ તા. ૩૧/૧૦/૨૦૨૩ નાં રોજ નિવૃત્ત થઇ ગયેલ છે જે અંતર્ગત,

<u>ગુજરાત સરકાર, ગાંધીનગરની ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો),૧૯૭૧ અન્વયે ખાતાકીય તપાસની કાર્યવાહી માટેની અદ્યતન માર્ગદર્શિકા-૨૦૨૦ અંતર્ગત પ્રકરણ-૫ ફરજમોકૂફી (Suspension) ના મુદ્દા ક્રમ-૧૦-ફરજમોકુફી ક્યાં સુધી અમલમાં રહે તેનાં ૧૦.૩ અનુસાર સરકારી કર્મચારી ફરજમોકુફી હેઠળ હોય તે દરમિયાન તેનું મૃત્યુ થાય કે શિક્ષાત્મક રીતે ન હોય તે રીતે તેની સેવા સમાપ્ત કરવામાં આવે અથવા વયનિવૃત્તિ કે નિવૃત્ત થાય તો મૃત્યુ/સેવા સમાપ્ત/વયનિવૃત્તિ/નિવૃત્તિની તારીખથી સરકારી કર્મચારીની ફરજમોકૂફીનો આપોઆપ અંત આવે છે.</u>

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, લોકપ્રશાસન વિભાગનાં એસોસિએટ પ્રોફેસર ડૉ.નિલેષ જોશીની ફરજમોકુફી સંદર્ભે તેઓ તા.૩૧–૧૦–૨૦૨૩ના રોજ વયનિવૃત્ત થયેલ હોય અને યુનિવર્સિટી ખાતેની તેઓની લાંબાગાળાની સેવા અને માનવતાને ધ્યાને રાખીને તેઓની ફરજમોકુફીનો કાર્યાલય આદેશ ક્રમાંકઃ જન/એસ્ટા/ટી–૧૪૧/૨૫૬૧૩/૨૦૨૩, તા.૦૪–૧૦–૨૦૨૩ રદ કરવામાં આવે છે.**

૪. **યુનિવર્સિટી કેમ્પસ ખાતે વિવિધ પ્રોજેકટો માટે Empanel થયેલ પ્રોજેક્ટ કન્સલ્ટન્ટને કન્સલ્ટનસી ફી ચૂકવવા બાબત.**

બાબત- ૧.

**યુનિવર્સિટી ખાતે નવા પ્રોજેક્ટ જેવા કે construction of quarters for fourth class employee અને construction of non teaching staff quarters ના કન્સલ્ટન્ટ architecture firm દ્વારા ઉપરોક્ત પ્રોજેકટો માટે તા.૧૯-૦૬-૨૦૨૪ ના રોજ આવક નંબર અનુક્રમે ૯૫૩૦ અને ૯૫૩૧ થી કન્સલ્ટન્સી ફી અંગેના બિલો રજૂ કરેલ છે જે અંતર્ગત કન્સલ્ટન્ટએ હમણાં સુધી કરેલ કામગીરી સામે પ્રત્યેક પ્રોજેક્ટ માટે કુલ ચૂકવવા પાત્ર કન્સલ્ટનસી ફીની સામે નીચે દર્શાવેલ કોષ્ટકમાં હાઈ લાઇટ કરેલ ૨૦% ફી નું બિલ રજૂ કરેલ છે (EXPRESSION OF INTEREST FOR (CONSULTANCY SERVICES) FOR EMPANELMENT OF PROJECT CONSULTANT FOR VARIOUS CONSTRUCTION PROJECT AT VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT ના ટેન્ડરના અનુચ્છેદ ક્રમાંક ૬.૩.૨ મુજબ)**

| | | |
|---|---|---|
| **(A)** | **All types of Preliminary Investigation survey / reports** | |
| i. | Traffic survey, Soil Investigation, Topographical Survey etc directed by Engineer-in-charge | 05% |
| ii. | DPR Preparation | 05% |
| **(B)** | **Planning/Estimation/Tendering – preparation & sanction** | |
| i. | On submission of various alternatives & Preliminary / Block Estimate | 10% |
| ii. | On acceptance of any alternative, preliminary drawings showing details of various components of housing project like foundation, Sub-structure and super-structure with details estimate. | 15% |
| iii. | On submission of draft paper with specification and bill of quantities for the purpose of inviting offer &Technical Security of offers received and evaluation of offer | 10% |
| iv. | Preparing and submitting detailed design and final working drawing Plans, sections, elevations for building Unit, and all relevant architectural drawings, utilities and services drawings, Landscape drawings if any of various components for execution work, as Built Drawings etc. (On pro-rata basis) | 20% |
| v. | With progress of work at site till completion of project. (On pro-rata basis) | 25% |
| vi. | Completion of Project | 10% |
| | **GRAND TOTAL(A)+(B)** | **100%** |

**ઉપરોક્ત કોષ્ટકના આધારે કુલ ૨૦% ફી માંથી ૫% જેટલી ફી Soil Investigation પેટે કન્સલ્ટન્ટને ચુકવવાના થાય છે તેમજ તા.૦૭-૦૬-૨૦૨૪ના રોજના ક્રમાંક:એસ્ટેટ/૧૨૦૭૨ મુજબના પત્રથી ભૂમિ લેબોરેટરી પાસે dbim વિભાગના પરિસરમાં soil test કરવા માટે**

એસ્ટીમેટ મંગાવેલ હતો જેના અનુસંધાનમાં ભૂમિ લેબોરેટરી દ્વારા રૂ.૧,૧૦,૬૨૫/- નો એસ્ટીમેટ રજૂ કરેલ હતો પરંતુ ભૂમિ લેબોરેટરી દ્વારા તા.૨૦-૦૬-૨૦૨૪ ના રોજ આવક નંબર-૯૬૦૦ થી **proposed site for staff quarters building at vnsgu,b/h. g. h. bhakta management academy, vesu, surat** માટે ની **Soil Investigation** માટેનું રૂ.૨૮,૩૨૦/- નું બિલ રજૂ કરેલ છે

બાબત- ૨

**EXPRESSION OF INTEREST FOR (CONSULTANCY SERVICES) FOR EMPANELMENT OF PROJECT CONSULTANT FOR VARIOUS CONSTRUCTION PROJECT AT VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT** અંતર્ગત **Soil Investigation** માટે અનુચ્છેદ ક્રમાંક ૨૮ મુજબ **Soil Investigation** કરવા માટેનો ખર્ચ યુનિવર્સિટીએ કરવાનો રહે છે જે બાબતે **architecture firm** ના કન્સલ્ટન્ટ સાથે થયેલ ટેલિફોનિક ચર્ચામાં તેઓ દ્વારા **construction of non teaching staff quarters** ના **Soil Investigation** પેટે રૂ.૨૮,૩૨૦/- ચૂકવવા તૈયારી બતાવેલ છે

બાબત- ૩

**construction of quarters for fourth class employee** માટે પ્રોજેક્ટના સ્થળની સ્પષ્ટતા ન હોય કન્સલ્ટન્ટ દ્વારા સદર પ્રોજેક્ટ માટે કરવાના થતા **Soil Investigation** માટે કોઈપણ કાર્યવાહી કરેલ નથી પરંતુ મૂકવામાં આવેલ કન્સલ્ટન્સી ફી અંતર્ગત **Soil Investigation** પેટેની ૫% ફી આવરી લેવામાં આવી છે

આમ, **EXPRESSION OF INTEREST FOR (CONSULTANCY SERVICES) FOR EMPANELMENT OF PROJECT CONSULTANT FOR VARIOUS CONSTRUCTION PROJECT AT VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT** માં **Soil Investigation** રિપોર્ટ માટે અનુચ્છેદ ક્રમાંક ૬.૩.૨ અને અનુચ્છેદ ક્રમાંક ૨૮ માં પ્રાથમિક દ્રષ્ટિએ સામ્યતા માલૂમ પડતી નથી તેમજ **construction of non teaching staff quarters** ના **Soil Investigation** માટે અનુચ્છેદ ક્રમાંક ૬.૩.૨ મુજબ રૂ.૧,૮૯,૫૩૬=૪૪ યુનિવર્સિટીએ કન્સલ્ટન્ટને ચુકવવાના થાય તેમજ અનુચ્છેદ ક્રમાંક ૨૮ મુજબ યુનિવર્સિટીએ **Soil Investigation** ફી પેટે રૂ.૨૮,૩૨૦/- ભૂમિ લેબોરેટરીને ચુકવવાના થાય છે (જેનું ચૂકવણું કરવા કન્સલ્ટન્ટ **architecture firm** એ તૈયારી બતાવેલ છે)

સદર ઉપરોક્ત બાબતોને ધ્યાને લઈ કન્સલ્ટન્ટને ફી ચૂકવવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પરિસર ખાતે ચાલતા વિવિધ બાંધકામ પ્રકલ્પો માટે જયાં જરૂર જણાય ત્યાં Soil Testing (સરકાર માન્ય એજન્સી પાસે) કરાવવું અને તેના ખર્ચનું ચુકવણું હાલ યુનિવર્સિટીએ કરવું તથા આ ખર્ચની જે તે કન્સલ્ટન્ટના જે તે પ્રોજેકટના બીલની રકમની ચુકવણીમાંથી કપાત કરવી.**

૫. યુનિવર્સિટી પરિસરના વિવિધ વિભાગોમાં કર્મચારીઓની જરૂરિયાત અન્વયે રોજમદાર ધોરણે ક્લાર્ક,પટાવાળા,માળી તેમજ ૧૧માસ કરાર આધારિત મહિલા સ્વિમિંગ કોચ,એથલેન્ટીક ટ્રેક ખાતે એક કોચ, જીમ ટ્રેનર તથા સુથાર અને પ્લમ્બરની સેવા લેવા અંગે જાહેરાત આપી ઓનલાઇન અરજીઓ મંગાવવા કાર્યાલયના ક્રમાંકઃ જન/જાહેરાત/10225/2024 તા.14/05/2024 તથા કાર્યાલયના ક્રમાંકઃ જન/જાહેરાત/59/2024, તા. 14/06/2024 થી યુનિવર્સિટી વેબસાઇટ www.vnsgu. ac. in (http: //www. vnsgu.ac.in/) અને rms.vnsgu.net ઓનલાઇન અરજી તા.25/06/2024 સુધી મંગાવવામાં આવેલી હતી. જે અન્વયે તા.24/06/2024 ની નોધ મુજબ સ્કીલ ટેસ્ટ તા. 10/07/2024 ના રોજ યુનિવર્સિટી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે ખાતે કરવામાં આવેલ હતી. જેમાં પસંદગી સમિતિ દ્વારા બંધ કવરમાં રજૂ થયેલ અહેવાલ પર અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પરિસરના વિવિધ વિભાગોમાં કર્મચારીઓની જરૂરિયાત અન્વયે રોજમદાર ધોરણે ક્લાર્ક,પટાવાળા,માળી તેમજ ૧૧માસ કરાર આધારિત મહિલા સ્વિમિંગ કોચ,એથલેન્ટીક ટ્રેક ખાતે એક કોચ, જીમ ટ્રેનર તથા સુથાર અને પ્લમ્બરની સેવા લેવા અંગે જાહેરાત આપી ઓનલાઇન અરજીઓ મંગાવવા કાર્યાલયના ક્રમાંકઃ જન/જાહેરાત/10225/2024 તા.14/05/2024 તથા કાર્યાલયના ક્રમાંકઃ જન/જાહેરાત/59/2024, તા. 14/06/2024 થી યુનિવર્સિટી વેબસાઇટ www.vnsgu. ac. in (http: //www. vnsgu.ac.in/) અને rms.vnsgu.net ઓનલાઇન અરજી તા.25/06/2024 સુધી મંગાવવામાં આવેલી હતી. જે અન્વયે તા.24/06/2024 ની નોધ મુજબ સ્કીલ ટેસ્ટ તા. 10/07/2024 ના રોજ યુનિવર્સિટી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે ખાતે કરવામાં આવેલ હતી. જેમાં પસંદગી સમિતિ દ્વારા રજૂ થયેલ અહેવાલનો સ્વીકાર કરી નીચે મુજબનાની ૧૧ માસ કરાર આધારિત નિમણુંક કરવી.**

**(૧) એથ્લેટીકસ કોચ : (૧) પ્રિયંકાબેન ભીખુભાઈ પટેલ**

**(૨) જીમ ટ્રેનર : (૧) કેવિન કિશનભાઈ પટેલ**

**(૩) સ્વીમીંગ કોચ (બહેનો) : (૧) હેમાક્ષી જયંતભાઈ નાવિક**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.......**

**Sd**
**કુલસચિવ**

ક્રમાંકઃ એસ/BoM/કાર્યવાહી / ૧૫૮૨૪/૨૦૨૪
તા.૨૫–૦૭–૨૦૨૪

પ્રતિ,
**બોર્ડ ઓફ મેનેજમેન્ટના સર્વે સભ્યશ્રીઓ.......**

..